વડીલોને વંદન અભિનંદન

અરવિંદાબેન એમ. શાહ
(૧૯૪૮) ફોન : ૨૩૬૦૦૦૧૩

આજે સાંજે જીવ કલ્યાણ સંસ્થાની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની જીવ-કલ્યાણ સંસ્થાની માસિક સભા તા. ૧૫મી જૂન રવિવારે સાંજે ૫ વાગે શ્રી પંચદેવ મંદિરના યજ્ઞ સભાખંડમાં યોજવામાં આવી છે. આ બેઠક પ્રા. રવિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળશે.

સર્વ જીવ કલ્યાણલક્ષી ભાવનાથી સ્થપાયેલ અને જીવકલ્યાણ હેતુસર કામ કરતી જીવ કલ્યાણ સંસ્થાની આ માસિક બેઠકમાં ભાગ લેવા રસ ધરાવતા તમામ નગરજનો અને સંસ્થાના સભ્યોને હાજર રહેવા નિમંત્રણ અપાયું છે. આ સભામાં સંસ્થાની કાર્યવાહક સમિતિની ૨૦૧૪-૧૫ના વર્ષ માટે પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત સંસ્થાની પ્રવૃત્તિ અને હિસાબોની રજૂઆત તેમજ નવા સભ્યોની નોંધણી પણ કરવામાં આવશે.

જી.ડી.એમ. કોબાવાળા હાઈસ્કુલનું પરિણામ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર પાસે આવેલ કોબા ગામની શ્રી જી.ડી.એમ. અને શ્રી એચ.એન. જે.કોબાવાળા હાસ્કૂલનું ધોરણ-૧૦નું ૬૮.૫૭ટકા અને ધોરણ-૧૨નું ૭૫ ટકા પરિણામ આવ્યું છે.

જિલ્લાની શાળાઓમાં શહેર ઉપરાંત ગામડાની શાળાઓએ પણ બાજી મારી છે. વર્ષ દરમિયાન કરેલી વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવી છે. ગાંધીનગર પાસેના કોબામાં આવેલ જીડીએમ કોબાવાળા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ જવલંત સફળતા મેળવી છે. શાળાનું ધોરણ-૧૦નું ૬૮.૫૭ટકા પરિણામ આવ્યું છે. જેમાં પ્રથમ ભૌમિક સુથાર ૮૪.૮૩ટકા દ્વિતીય રાહુલ પટેલ ૭૬.૫૦ અને તૃતીય મનિષ વાઘેલાએ ૭૬.૩૩ટકા ગુણ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. તેમજ શાળાનું ધોરણ ૧૨નું ૭૫ ટકા પરિણામ આવ્યું છે.

ડુંગળી સસ્તી કરવા નિકાસ પર અંકુશ લાદવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

નબળા ચોમાસાની આગાહીને કારણે ખાદ્યચીજોના ભાવવધારાને નાથવા માટે નવી એનડીએ સરકારે અત્યારથી જ તૈયારી શરુ કરી દીધી છે અને પ્રથમ પગલારૂપે રાજકીય રીતે સંવેદશીલ ડુંગળીની નિકાસની સમીક્ષા શરુ કરી દેવામાં આવી છે.

હવામાન ખાતાની આગાહી મુજબ ચોમાસુ નબળું જ રહે તો ડુંગળી ઉપરાંત બાસમતી સિવાયના ચોખા, કઠોળ, બટેટા તથા દુધ જેવી ચીજો પર સતત દેખરેખ રાખવા અને સંભવિત ભાવવધારો રોકવાના પગલા માટે એકશન પ્લાન તૈયાર રાખવાનું નક્કી કરાયું છે.

કેન્દ્રીય કેબીનેટ સચીવ અજીત શેઠે ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલયના અધિકારી સાથે મહત્વની બેઠક કરી હતી. તેમાં કૃષિ, નાણાં, વ્યાપાર અને ઉદ્યોગ ખાતાના અધિકારીઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા. ખાદ્ય ચીજોના સ્ટોક તથા પુરવઠાને લગતા પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

સૂત્રોએ કહ્યું કે કેન્દ્ર સરકારે પાસે અનાજ ઉપરાંત ડુંગળી તથા બટેટાનો અત્યારે પર્યાપ્ત સ્ટોક છે. જરૂરીયાતવાળા પ્રાંતોમાં તેનો યોગ્ય સપ્લાય થઈ શકે તે માટે સતત દેખરેખ રાખવાનું જરુરી છે. ડુંગળીની નિકાસ માટે ફરી ન્યુયતમ નિકાસ ભાવનો નિયમ દાખલ કરવામાં આવી શકે છે. અત્યારના બજારભાવ કરતા ન્યુનતમ નિકાસભાવ ઉંચા છે. જે નિયમ દાખલ કરીને બેફામ નિકાસ રોકવાનો વ્યુહ છે. વેપારી સૂત્રોએ કહ્યું કે બિયારણની ડુંગળીના ભાવ છેલ્લા કેટલાંક સપ્તાહમાં ડબલ થઈ જ ગયા છે. ચોમાસુ નબળુ રહે તો ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવા રાજયોને સૌથી મોટો ફટકો પડે તેમ છે. કારણ કે ઉત્તર ભારતના રાજયોમાં તો સિંચાઈ સવલતો છે. મગફળી તથા કપાસના પાકને સૌથી મોટી અસર થાય. ઉપરાંત ડુંગળીના ઉત્પાદનને પણ ફટકો પડી શકે. ડુંગળીનો નવો પાક સામાન્ય રીતે ઓકટોબરમાં બજારમાં આવતો હોય છે. નબળા ચોમાસાથી નવો પાક ઢીલમાં પડે અને ગત વર્ષની હાલતનું પુનરાવર્તન થવાનું જોખમ સર્જાય. સરકાર જોઈ જોખમ લેવાના મૂડમાં નથી. કેન્દ્ર સરકારે તમામ રાજયોની સરકારોને સંઘરાખોરો પર વોચ રાખવાની સૂચના આપી જ દીધી છે. કૃષિ મંત્રાલયે એવો રિપોર્ટ આપ્યો છે કે કઠોળનું વાવેતર ઘટયું હોવાથી આયાત વધી જાય તેમ છે. આ સિવાય દુધનો ભાવવધારો ચિંતાનો વિષય છે. જેમાં છેલ્લા એક વર્ષમાં લીટરદીઠ રૂ. ૪નો વધારો થયો છે. દુધના પાવડરની આયાત જકાત વર્તમાન ૬૦ ટકાથી ઘટાડવાનું સૂચન કર્યું છે. અનાજને લાગે વળગે છે ત્યાં સુધી સરકાર પાસે પુરતો સ્ટોક છે. ૬૯.૪ મીલીયન ટનનો સ્ટોક હોવા છતાં ભાવવધારો છે. ચોખાનો ભાવ એક વર્ષ પૂર્વે ૨૭૧૯ હતો તે વધીને ૨૮૭૭ થયો છે.

દિવ્ય જ્યોતિ આયુર્વેદ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા દિવ્ય અમૃત કર્મ પંચકર્મનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧૪

કેન્સર, કોરોનરી બ્લોક, કિડની ફેઈલ્યોર જેવા કષ્ટદાયક રોગોની ચિકિત્સાના પાંચેક દાયકાઓના અનુભવથી આશરે બે લાખથી પણ વધારે રોગીઓની સારવાર કર્યા પછી દિવ્ય જ્યોત આયુર્વેદિક રિસર્સ ફાઉન્ડેશન એક નવી વિશિષ્ટ ચિકિત્સા પદ્ધતિ દિવ્ય અમૃત કર્મ પંચકર્મના આવિષ્કારની ઘોષણા કરી છે.

બે દાયકાથી પંચકર્મ, રેકી, એક્યુપંચર યોગ, ધ્યાન વગેરેના અલગ અલગ અનેક અનુભવોના પરિણામ સ્વરૂપ આ તમામને પંચકર્મ સાથે જોડી એક સમૃદ્ધ પંચકર્મ ચિકિત્સાને આપ સૌની હાજરીમાં શરૂ કરી છે.

પંચકર્મ એ ભારતીય અને સંપૂર્ણ એવી લબ્ધ પ્રતિષ્ઠિત ચિકિત્સા છે. આ જ રીતે આપણી આસપાસના દેશો ચીન, શ્રીલંકા, મલેશિયા, થાઈલેન્ડ વગેરે આવી સમૃદ્ધ ચિકિત્સાઓ ધરાવે છે. આ બધા દક્ષિણ એશિયાઈ દેશોની માલિક ચિકિત્સાઓને પંચકર્મ સાથે જોડી અને વધુ સરળ અને આશાસ્પદ પરિણામ મેળવી શકાય છે.

આયુર્વેદના પંચકર્મ, કેરાલાના પંચકર્મ અને આધુનિક ઔષધ સિદ્ધાંતો તેમજ યોગનિદ્રા પ્રાણયામ, તેમજ વિવિધ નેત્રરોગ, બાળકોના રોગો અને સ્ત્રી રોગોમાં પણ અમૃત કર્મ કરવામાં આવશે.

આ ચિકિત્સા કરનાર અનુભવી વૈદ્ય (બીએએમએસ, એમડી) જ છે.

મંત્ર-વિજ્ઞાન વગેરેનો સમન્વય એટલે દિવ્ય અમૃત પંચકર્મ. અહીં પંચકર્મ અતિ આધુનિક સાધનો સાથે સ્વચ્છ અને શીતળ વાતાવરણ, નિષ્ણાત અને સઘન તાલીમ પામેલા વૈધો અને વિદ્વાન અનુભવી વૈદ્યોનું માર્ગદર્શન મેળવી, દિવ્ય અમૃત કર્મ પંચકર્મ કરાયું છે. વાસવાળા આયુર્વેદિક માલીસના તેલોને અહીં સુગંધિત લોશનનું સ્વરૂપ અપાયું છે. અહીં પંચકર્મના આધુનિક સાધનો નવી વિશેષ પદ્ધતિ કૌશલ્ય ધ્યાનયોગની સાથે ગંગધારાનો સમન્વય તેમજ રેકીને માલિશનો મિલાપ, ગંગધારા અને મંત્રનો મિલાપ તથા યોગીઓ અને અભ્યંગના મિશ્રણ એક સુકુનની અનુભૂતિ કરાવે છે. ઉચ્ચ કક્ષાના ઔષધો, આધુનિક સ્વરૂપો, ઓટોમેટિક યંત્રો, સાધનો, પવિત્ર અને મંત્રોચ્ચાર યુક્ત વાતાવરણ- આ બધુ દિવ્ય અમૃત કર્મની વિશેષતા છે.

આયુર્વેદમાં વિશ્વ વિખ્યાત ક્ષારસૂત્ર થેરાપી, હરસ, મસા, ભગંદર, ફીશર, થીલોનીડલ, સાયનસ વિગેરેમાં કરવામાં આવશે, ઔષધો સચોટ પરિણામ આપી શકે છે. ઔષધોનું ઔષધોનું કોંબીનેશન અને એમના રિઝલ્ટ પરિણામી છે. આમ સમગ્ર ચિકિત્સા લાભદાયી નિવડેલ છે.

સ્ત્રીરોગો, વંધત્વ, ટ્યુબનું બંધ હોવું વગેરે અને બાળરોગોમાં માનસિક અને શારીરિક બીમારીઓ, કેન્સર, કોરોનરી બ્લોક, કિડની ફેઈલ્યોર, ગર્દન-કમરના મણકાના દુખાવો, સાઈટિકા સોરાયસીસ, ન્યૂરો મસ્ક્યુલર રોગો વગેરે, જટિલ રોગોને નાથવા માટે દિવ્ય અમૃત કર્મ આશાનું કિરણ બની રહેશે.

આ ઉપરાંત આ દિવ્ય અમૃત કર્મ કેન્સરની આધુનિક કિમોથેરાપી જેવા જ પરિણામો કેન્સરમાં આપે છે. આથી ભવિષ્યમાં વધુ અનુભવ દ્વારા કિમોથેરાપીના આયુર્વેદ વિકલ્પને પણ પ્રસ્તુત કરવા ધારીએ છે. આ વિકલ્પ દર્દ અને આડઅસરો વગેરે ઉપર પણ પરિણામદાયી નીવડેલો છે. હાલ અમોએ કેટલાક કેન્સરના રોગીઓ પર આ પ્રયોગો કરેલા છે જેમાં આશાસ્પદ પરિણામો પર મીટ મંડાઈ છે.

સેકટર-૭-બી સ્થિત એક મકાનનું રીનોવેશન છેલ્લા ઘણાં સમયથી ચાલી રહ્યું છે. આવતા જતા લોકોને રસ્તો બંધ હોવાને કારણે ઘણી અગવડો ઉભી થઈ રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

વિટકોસે વાયા ચ રોડ સાદરા રૂટ શરૂ કર્યો, ઘ રોડ પ્રત્યેનો અણગમો યથાવત

હાલમાં ચિલોડા વાયા ઘ રોડ કોઈ જ બસ નથી, પ્રજાના પ્રતિનિધિઓ માટે ફિટકાર વરસાવતા લોકો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરથી ગ્રામ્ય વિસ્તારો માટે જ શરૂ થયેલી વિટકોસ કમાણીને જ મહત્વ આપતી હોય તેમ વાયા ચ રોડ સાદરા રૂટ શરૂ કરી દીધો છે. એસ.ટી. નિગમની આવક ઉપર તરાપ સમાન આ રૂટ અગાઉ વાયા ઘ રોડ કાર્યરત હતો. જેને આવકના નેજા હેઠળ બંધ કરી દેવાયો હતો. હાલમાં ચિલોડા તરફ વાયા ઘ રોડ કોઈ જ બસ નથી જેથી લોકો કોર્પોરેટરો, ધારાસભ્ય અને અન્ય નેતાગીરી પ્રત્યે ફિટકાર વરસાવી સ્થાનિક સમસ્યાની નાકામી માટે તેમને જવાબદાર ઠેરવ્યા છે.

ગાંધીનગર શહેરની ફકત નામ પૂરતી ગણાતી વિટકોસ કમાણીના ધોરણને ધ્યાને રાખી ફકત ગ્રામ્ય વિસ્તારોને જ પ્રાધાન્ય આપી રહી છે. શહેરમાં વસતા નાગરીકો મુસાફરી માટે રીતસર રઝળપાટ કરી રહ્યા છે ત્યારે વિટકોસ તંત્ર ફકતને ફકત કયાં માર્ગ ઉપર આવક વધુ છે તે ધ્યાને રાખે છે જે અન્વયે તાજેતરમાં આવક ઓછી આપતા સાત રૂટ બંધ કરી દેવાયા છે. જયારે શુકવારથી વાયા ચ રોડ સાદરાનો રૂટ શરૂ કરી મસ મોટી આવકની અપેક્ષા રખાઈ રહી છે.

હાલમાં ઘ રોડ પર ચિલોડા તરફે કોઈ જ બસ નથી ત્યારે સાદરા રૂટ પણ ઘ રોડ થઈને ન શરૂ કરતા ચ રોડ કરી છે ત્યારે તંત્રનો સ્પષ્ટ અણગમો આ ઘ રોડ પ્રત્યે દેખાઈ રહ્યો છે. ઘ રોડની બસ સેકટર-૧૫, ૧૬, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦ના અનેક મુસાફરો માટે ખુબ જ ઉપયોગી થઈ પડે તેમ છે. છતાં તંત્ર નિષ્ઠુર બની આ બાબતને અવગણી રહ્યું છે તો આ વોર્ડના કોર્પોરેટરો, ધારાસભ્ય અને નેતાઓ પણ કંઈ જ ન કરતાં પ્રજાજનો અકળાઈ ઉઠયા છે. તેમજ સ્થાનિક કક્ષાના આ પ્રાણ પ્રશ્ન બાબતે આવનારી પાલિકાની ચૂંટણીઓમાં જવાબ માંગશે તેવું ચર્ચાઈ રહ્યું છે. વધુમાં જુલાઈ માસમાં કરાર પૂરો થતો હોવાના સમાચારે અનેક ટ્રાન્સપોર્ટ કંપનીઓ પણ સામેલ થવાના સંજોગો છે ત્યારે વિટકોસને કરાર રીન્યુ ન થાય તેવી પ્રચંડ માંગ ઉભી થઈ છે.

રાજ્યની વાર્ષિક યોજનાનો ડ્રાફટ તૈયાર ટુંકમાં યોજનાનું કદ નક્કી કરાશે

યોજનાના કદમાં દસ ટકાનો વધારો કરાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યની વાર્ષિક યોજનાના ડ્રાફટને આખરી કરી દેવામાં આવ્યો છે. આગામી બુધવારના રોજ મળનારી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં વાર્ષિક યોજનાનું કદ આખરી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આયોજન પ્રભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની વર્ષ-૨૦૧૪-૧૫ માટેની વાર્ષિક યોજનાના ઘડતર માટેની પ્રક્રિયા આયોજન પ્રભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

ગત સપ્તાહે રાજ્યના નાણામંત્રીના અધ્યક્ષ સ્થાને તમામ વિભાગોના અધિકારીઓ સાથે બેઠકોનો દોર હાથ ધરવામાં આવ્યો હતો. આ બેઠક દરમ્યાન ગત વર્ષ દરમ્યાન વિભાગોને ફાળવવામાં આવેલ બજેટમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો. કેટલા નાણા વણવપરાયેલા રહ્યા હતા તેની સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત આયોજન અને આયોજન બહારની યોજનાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી અને કેટલીક નવી યોજનાઓને મંજુરી આપીને આગામી અંદાજપત્રમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્ર સહીતના કેટલાક ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે રાજ્યની આ વિકાસ યાત્રાને વેગ આપવા માટે રાજ્ય સરકારે આ વર્ષે પણ રાજ્યની આગામી વર્ષની વાર્ષિક વિકાસ યોજનાના કદમાં અંદાજે ૧૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત સપ્તાહે વિભાગો સાથે મેરેથોન બેઠકોનો દોર હાથ ધરી વર્ષ-૨૦૧૪-૧૫ ની વાર્ષિક યોજનાનો ડ્રાફટ તૈયાર કરી દેવામાં આવ્યો છે. અને તેને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આગામી સપ્તાહે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં આયોજન પ્રભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ વાર્ષિક યોજનાના ડ્રાફટને રજુ કરવામાં આવશે અને વાર્ષિક યોજનાનું કદ નક્કી કરવામાં આવશે અને ત્યાર બાદ અંદાજપત્ર તૈયાર કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગર બી.બી.એ. કોલેજનાં વિદ્યાર્થીઓને નોકરી આપવા માટે કંપનીઓ તલપાપડ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની છેલ્લા ૧૫ વર્ષથી સફળતાનાં સોપાનો સર કરતી એક માત્ર બી.પી. કોલેજ ઓફ બી.બી.એ.માં એક અઠવાડીયાની અંદરનાં સમયગાળામાં સતત બીજી વખત જોબ પ્લેસમેન્ટ માટે કંપનીઓ આવવાથી બી.બી.એ.નાં વિદ્યાર્થીઓમાં જબ્બર ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

એક તરફ જ્યાં નેશનલ તેમજ ઈન્ટરનેશનલ લેવલની ૬ કંપનીઓએ ૫૦ થી વધુ બી.બી.એ.ના વિદ્યાર્થીઓને માતબર પગારથી નોકરીઓ ઓફર કર્યાનો આનંદ છવાયેલો છે ત્યાં બીજી તરફ પાંચ જ દિવસનાં ટુંકાગાળામાં બિંદા એચ.આર. સોલ્યુશન્સ દ્વારા એમ.ટી.એસ. ઈન્ડિયા તેમજ રૂપેશ જૈન એન્ડ એસોસીએટ્સ જેવી પ્રતિષ્ઠીત પેઢીઓ માટે ડાયરેક્ટ સેલ્સ ટીમ, કન્ટેન્ટ એનાલિસ્ટ ફ્રન્ટ ઓફિસ એડમિન, ટેલી એકાઉન્ટન્ટ, સેલ્સ કોઓર્ડિનેટર તથા શૉ-રૂમ ઈન્ચાર્જ જેવી પોસ્ટ માટે ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે આશરે માસિક રૂ. ૧૫,૦૦૦ ના પગારથી પ્લેસમેન્ટ થવાનાં સમાચારથી સોનામાં સુગંધ ભળ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ બી.બી.એ. કોલેજ કરી રહેલા તથા પાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓને નોકરી આપવા માટે અનેક કંપનીઓ રોજ કોલેજનો સંપર્ક કરી રહી હોવાનાં અહેવાલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે વર્ષથી મેનેજમેન્ટ લાઈનની માંગ વધવાથી લોકો બી.બી.એ. કોલેજ તરફ વધુ આકર્ષાઈ રહ્યાં છે. કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. રમાકાન્ત પુષ્ટીની રાહબરી હેઠળ ડૉ. જયેશ તન્ના તથા પ્રો. માર્ગી દેસાઈ દ્વારા કોલેજમાં રોજગારી અને નોકરીને લગતાં અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

જાહેર નિવિદા - ૦૧ /૨૦૧૪

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે

ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૩૦/૬/૨૦૧૪ સુધીમાં ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર, ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની કચેરી, ઠે. બ્લોક નં.૧૧-૧૨, ઉજો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગર કચેરી ખાતેથી અરજી સાથે ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૫/૭/૨૦૧૪ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં રજીસ્ટર્ડ એ.ડી. દ્વારા મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
તા. ૧૨/૬/૨૦૧૪ — ધોલેરા એસ.આઈ.આર. ડેવલપમેન્ટ ઓથોરીટી
માહિતી/૩૬૦/૧૪-૧૫

NEWS બિટ્સ

નરેન્દ્ર મોદીની ૧૮૦૦ રેલીઓનો વર્લ્ડ રેકોર્ડમાં સમાવેશ

એપ્રિલ-મે માસમાં યોજાયેલી દેશની સામાન્ય ચુંટણીઓ દરમિયાન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક રાજકીય કાર્યક્રમો યોજયા હતા તે પૈકી દેશભરમાં યોજેલી ૧૮૦૦ જેટલી રાજકીય રેલીઓ માટે ગિનિઝ વર્લ્ડ રેકોર્ડના સત્તાવાળાઓએ સંપર્ક સાધ્યો છે. ટુંક સમયમાં આ રેલીઓનો ગિનિઝ વર્લ્ડ રેકોર્ડમાં સમાવેશ થશે.

ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહાને ઈજાઓ

ભાજપના ટોચના નેતા અને પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી યશવંતસિંહા હાલમાં હજારીબાગ જેલમાં બંધ છે. અહીં તેઓ ખુરશીમાંથી કોઈ કારણવશ પડી ગયા હતા. જેના કારણે તેઓને માથામાં ઈજા થઈ હતી. તેઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ગ્રેટ હિમાલયન નેશનલ પાર્ક વર્લ્ડ હેરીટેજમાં સમાવિષ્ઠ

યુનો દ્વારા હિમાચલ પ્રદેશમાં આવેલ ધ ગ્રેટ હિમાલયન નેશનલ પાર્ક કન્ઝર્વેશન વિસ્તારને વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા ઘણા સમયથી કરવામાં આવતી દાવેદારી સ્વીકારી યુનોએ આ વર્ષે તેને વર્લ્ડ હેરીટેજમાં સમાવ્યો છે.

મુંબઈમાં ડાન્સબાર કોઈ સંજોગોમાં નહીં

ડાન્સબાર પ્રોહિબિશન એકટમાં રહેલી ખામીઓને દૂર કરીને બનાવેલા નવા બિલને મહારાષ્ટ્રની કેબીનેટે મંજુરી આપી દીધી છે. આ એકટમાં રહેલી ખામીને કારણે રાજ્ય સરકારે ૨૦૦૫ થી ડાન્સબાર પર મુકેલ પ્રતિબંધના નિર્ણયને સુપ્રિમ કોર્ટે ફગાવી દીધો હતો. જેના કારણે ડાન્સબાર પુનઃ શરુ થવાની આશા બંધાઈ હતી. જો કે મહારાષ્ટ્ર સરકાર આ નિર્ણય બાબતે ખુબ જ સ્પષ્ટ છે અને હવે ક્યાંય બારમાં નથી કે ફાઈવ સ્ટાર હોટેલમાં ક્યાંય ડાન્સ નહીં થાય.

લિંગોંગ ભારતમાં ૧.૫ કરોડ ડોલરનું રોકાણ કરશે

હેવી ડ્યુટી ઈક્વિપમેન્ટની સમગ્ર રેન્જનાં ઉત્પાદનમાં વૈશ્વિક અગ્રણી ચાઈનીઝ કંપની લિગોંગે તેની ભારતીય પેટાકંપનીમાં બીજા તબક્કામાં ૧.૫ કરોડ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. પ્રથમ તબક્કામાં લીગોંગે ૨૦૦૮-૦૯માં ઈન્દોર ખાતેની અત્યાધુનિક ઉત્પાદન સુવિધામાં ત્રણ કરોડ ડોલરનું રોકાણ કર્યું હતું. આ પેટા કંપની ૨૦૦ લોકોને રોજગારી આપે છે જેમાંથી ૯૦ ટકા ભારતીયો છે. આગામી પ્રોડક્ટ લાઈન-વ્હીલ લોડર્સ, એક્સકેવેટર્સ રોડ ઈક્વિપમેન્ટ માટે લિગોંગ વધારાના ૨૦-૩૦ ટકા સ્થાનિક કર્મચારીઓની ભરતી કરવા માગે છે.

લિગોંગ ભારતીય બજારમાં ૨૦૦૨માં પ્રવેશી હતી. કંપનીનો પ્રથમ વિદેશી ઉત્પાદન પ્લાન્ટ ભારતમાં ઈન્દોર ખાતે ૨૦૦૯માં શરૂ કર્યો હતો. હાલમાં તે વ્હિલ લોડર્સ (૧.૮ ટન, ૩ ટન, ૫ ટન ક્લાસ) મોટર ગ્રેડર્સ અને કોમ્પેક્ટર્સનું ઉત્પાદન કરે છે. આ પ્લાન્ટમાં ઉચ્ચ ગુણવત્તાસભર ઉપકરણોનું ઉત્પાદન થાય છે એટલું જ નહીં, તેમાં આફ્ટર સેલ્સ ટેકનિકલ સપોર્ટ, સ્પેર પાર્ટસ વેહહાઉસીસ, ફુલ્લી અકિવપ્ડ આધુનિક આરએન્ડડી અને તાલીમ કેન્દ્ર પણ છે.

ગુઆંગ ઝી લિગોંગના વાઈસ પ્રેસિડન્ટ લુઓ ગુઓબિંગે જણાવ્યું હતું કે 'લિગોંગ માટે ભારત મહત્વનો દેશ છે.

ટચૂકડી જાહેર ખબર

દુકાન વેચવાની છે

ચિલોડા સર્કલની બાજુમાં રોડ ટચ અક્ષર કોમ્પલેક્ષમાં દુકાન નં. ૧૦૯

સંપર્ક
૯૮૨૫૩ ૪૪૯૧૭
૯૯૭૯૨ ૩૩૬૨૭

શબ્દાવલી - ૫૪૧૯



આડી ચાવી

૧. પસીનો, આખા શરીરે પાણી છૂટે તે (૪)
૪. અવનતિ, ખરાબ ગતિ(૩)
૬. એક પ્રાણી, ખરગોશ (૩)
૭. લંબાઇ, એક માપ (૨)
૮. તકરાર (૪)
૯. બોલથી રમાતી એક રમત (૪)
૧૩. ચરણના નિશાન (૩)
૧૫. સાપના કણા જેવડું અને જેવું સરીસૃપ પ્રાણી (૩)
૧૬. બુરી આદત (૨)
૧૭. ચોખાના કટકા (૩)
૧૮. ગરજ, જરૂર (૨)
૨૦. ખેતરમાં ફળદ્રુપતા વધારવા નંખાય (૩)
૨૧. સહન કરવું (૪)
૨૨. અરજન્ટ, તુર્ત (૩)

ઊભી ચાવી

૧. પશ્ચાતાપ (૪)
૨. પ્રવાહી, ફળોનું જયુસ (૨)
૩. બનારસની સાડીનો પ્રકાર(૨)
૪. પગલાનો અવાજ (૪)
૫. ... બોલ્ટ, ચાકી (૨)
૭. હુન્નર, કસબ (૨)
૮. વાચાળ (૩)
૯. કાયદેસર (૩)
૧૧. આંગણા કે ઘરમાં છાણ-માટીનો લેપ કરે તે (૩)
૧૨. બોડી, વિધવા (તુચ્છકારમાં) (૩)
૧૪. એકબીજાને લાતોના પ્રહાર કરવા તે (૫)
૧૭. એક વૃક્ષ જેના ફળ તલપાપડી રૂપે આવે (૩)
૧૮. પત્ર, કાગળ (૨)
૧૯. પાછુ, કમબેંક (૩)
૨૦. ખોરાક લેવો (૨)

શબ્દાવલી ૫૪૧૮ના જવાબ

આડી ચાવી :- (૧) માલ (૩) તોફા (૬) અધ્યયન (૭) રસાલો (૯) રૂમ (૧૦) પગલાં (૧૨) આપવીતી (૧૩) સાર (૧૪) થર (૧૫) ભારતીય (૧૭) આડ્સ (૧૮) રથી (૧૯) વરોક (૨૧) તનકારો

ઊભી ચાવી :- (૧) માધ્યમ (૨) લય (૪) ફારગતી (૫) ગોલો (૬) આરતી (૧૨) આરસપાણ (૧૩) સારથી (૧૪) થડ (૧૫) ભારત (૧૬) યવન (૧૭) આકરો (૨૦) રોકા

આંધીનગર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ખડકાઈ ગયા હતા.

ગાંધીનગર આજે આંધીનગર બનતાં લોકોએ પવનનો આનંદ માણી અને થોડીક રાહત જરૂર અનુભવી હતી પરંતુ બધા હવે વરસાદ જરૂર આવે તેની પ્રાર્થના કરતા જણાતા હતા.

ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે થયેલા થોડાક હળવા વરસાદને કારણે પણ આજે ગરમી અને ઉકળાટ વધારે લાગતો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધ્યુ છે.

શાકભાજી મોંઘાદાટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

લીધે પાક બળી જતા આવકમાં ઘટાડો થતા શાકના ભાવમાં વધારો નોંધાઈ ગયો છે. સરેરાશ તમામ શાકભાજી રૂ. ૩૦ થી શરૂ કરીને ૭૦ સુધીના કિલો મળી રહ્યા છે. એક સપ્તાહ પૂર્વે શાકભાજીના ભાવો કિલોના સરેરાશ રૂ. ૨૦ થી ૫૦ સુધીના હતા.

શહેરમાં શાકભાજીની આવકો આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી તેમજ મહારાષ્ટ્ર સાઈડથી મોટા પ્રમાણમાં થતી હોય છે. આવકના તમામ કેન્દ્ર સ્થાનોમાં ભારે ઉનાળાના પગલે પાક પર અસર જોવા મળી રહી છે. આવક ઘટતા ભાવમાં ઉછાળો આવ્યો છે. આ અંગે શાકના વેપારીઓએ જણાવ્યું હતું કે આ ઉનાળામાં પ્રમાણસર શાકના ભાવ નીચા હતા પરંતુ છેલ્લા એકાદ સપ્તાહથી ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે. છેલ્લા એકાદ માસથી પડી રહેલી ગરમી અને તડકાએ શાકભાજીના ભાવ પર અસર કરી છે. લીલોતરી શાકના ભાવમાં વધારે ઉછાળો આવ્યો છે.

શહેરમાં મોટાભાગે કોબીજ, રીંગણા, ફલાવર, ગુવાર, દુધી